For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# જ્યાં હંમેશા ભીડ રહે છે તે ચૌટાબજારના રસ્તા અને મુખ્યમાર્ગો સુમસાન રહે છે



(તસવીર : સતીષ જાદવ)



(તસવીર : હેમંત ડેરે)

# સુરતમાં તાપમાન ફરી 42 ડિગ્રીની નજીક પહોંચ્યું

**24 કલાકમાં** 2.1 ડિગ્રીના વધારા સાથે તાપમાન ફરી 41.9 ડિગ્રી

**હવામાં** ભેજનું પ્રમાણ વધારે હોવાથી અસહ્ય ઉકળાટ

સુરતઃ સુરત શહેરમાં આજે ગરમીનો પ્રકોપ વધુ તેજ બન્યો હતો. ગઈકાલની સરખામણીએ આજે મહત્તમ તાપમાનમાં 2.1 ડિગ્રી સેલ્સિયસનો નોંધપાત્ર વધારો નોંધાતા શહેર ફરી આગ ઓકતું બન્યું હતું. આજે શહેરનું મહત્તમ તાપમાન 41.9 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે ગઈકાલે તે 39.8 ડિગ્રી હતું. બીજી તરફ લઘુત્તમ તાપમાનમાં પણ 0.5 ડિગ્રીનો વધારો નોંધાતા રાત્રિના સમયે પણ ગરમીથી રાહત મળી નહોતી.

હવામાન વિભાગના આંકડા મુજબ આજે હવામાં ભેજનું પ્રમાણ 53 ટકા નોંધાયું હતું, જે ગઈકાલના 27 ટકાની સરખામણીએ ઘણું વધારે હતું. ગરમી સાથે ભેજમાં

...અનુસંધાન પાના 5 પર

## ગરમીથી બચવા નહેરમાં પડેલો કિશોર લાપત્તા

સુરતઃ શહેરના કામરેજથી કડોદરા રોડ પરથી પસાર થતી મોરથાણા કેનાલમાં રવિવારે બપોરના સમયે એક કિશોર ડૂબી ગયો હોવાની આઘાતજનક ઘટના સામે આવી છે. બનાવની જાણ થતાં જ કામરેજ ફાયર સ્ટેશનનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો અને કેનાલમાં શોધખોળ શરૂ કરી હતી. જોકે, પાંચ કલાકથી વધુ સમયની ભારે જહેમત બાદ પણ મોડી સાંજ સુધી કિશોરનો કોઈ પતો લાગી શક્યો નથી. ફાયરબ્રિગેડ કંટ્રોલ રૂમને બપોરે ૨:૨૫ વાગ્યાની આસપાસ કોલ મળ્યો હતો કે મોરથાણા કેનાલમાં એક કિશોર ડૂબ્યો છે. સાંજે ૬:30 વાગ્યા સુધી સતત પાંચ કલાક પાણીમાં મથામણ કરવા છતાં કિશોર મળી આવ્યો ન હતો. ફાયરબ્રિગેડના જવાનોએ મોડી રાત સુધી કેનાલમાં પોતાની શોધખોળ ચાલુ રાખી હતી.

**રતલામ નજીક રાજધાની એક્સપ્રેસના AC કોચમાં ભીષણ આગ**

# રાજધાનીમાં સવાર સુરતના તમામ 29 મુસાફર સુરક્ષિત

**ટ્રેનની** બોગીમાં આગ લાગતાં અફરાતફરી, રાહત કામગીરી

સુરતઃ મધ્યપ્રદેશના રતલામ જિલ્લામાં રવિવારે વહેલી સવારે એક મોટી રેલ હોનારત ટળી હતી, જ્યાં તિરુવનંતપુરમથી હઝરત નિઝામુદ્દીન જઈ રહેલી રાજધાની એક્સપ્રેસ ટ્રેનના એસી કોચમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. કોટા રેલ્વે ડિવિઝન હેઠળ આવતા વિક્રમગઢ અલોટ અને લુનિરિછા સ્ટેશનો વચ્ચે સવારે આશરે ૫:૧૫ વાગ્યે ટ્રેન નંબર 12431ના (B-1) કોચમાં અચાનક આગ લાગતાં મુસાફરોમાં ભારે ગભરાટ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટના સમયે આ અસરગ્રસ્ત કોચમાં કુલ 68 મુસાફરો સવાર હતા, જે પૈકી 29 મુસાફરોએ ડાયમંડ સિટી સુરતથી પોતાની મુસાફરી શરૂ કરી હતી. સદનસીબે રેલવે સ્ટાફની તત્પરતા અને ત્વરિત કામગીરીને કારણે ગણતરીની 15 મિનિટમાં જ તમામ મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢી લેવાયા હતા, જેના લીધે કોઈ જાનહાનિ થઈ ન હતી અને મોટી દુર્ઘટના ટળી હતી.

આગની આ ઘટના બાદ તુરંત જ સલામતીના પગલારૂપે ઓવરહેડ ઇલેક્ટ્રિક સપ્લાય (OHE) બંધ કરી દેવાયો હતો અને અસરગ્રસ્ત કોચને મુખ્ય ટ્રેનથી અલગ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ફાયર બ્રિગેડ, મેડિકલ ટીમ અને રેલવેના ઉચ્ચ અધિકારીઓનો કાફલો યુદ્ધના ધોરણે ઘટનાસ્થળે દોડી ગયો હતો.

પશ્ચિમ મધ્ય રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી હર્ષિત શ્રીવાસ્તવના જણાવ્યા મુજબ, આગ પર ટૂંક સમયમાં સંપૂર્ણ કાબૂ મેળવી લેવાયો હતો અને પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ લાવી દેવાઈ હતી.જોકે, આ રાહત અને ટ્રેક પુનઃસ્થાપનની કામગીરી દરમિયાન એક દુર્ઘટના સર્જાઈ હતી, જેમાં ઘટનાસ્થળે સમારકામની સામગ્રી લઈને જઈ રહેલી રેલવેની એક વાન અચાનક

...અનુસંધાન પાના 5 પર

**રાત્રિના સમયે ડાંગના પ્રવાસન સ્થળે દીપડો બેખૌફ ફરતો દેખાતા પ્રવાસીઓમાં ચિંતા**

# સાપુતારામાં દીપડાની લટારથી રહેણાંક અને હોટલ વિસ્તારમાં ફફડાટ

**શિકારની** શોધમાં નીકળેલા દીપડાનો વિડીયો વાયરલ થતાં પાંજરે પૂરવાની માંગ

**પ્રવાસન** ઉદ્યોગ પર અસર પડવાની ભીતિથી વેપારીઓ ચિંતિત




સાપુતારા : ડાંગ જિલ્લાના પ્રખ્યાત ગિરીમથક સાપુતારામાં ફરી એકવાર દીપડાની હલચલ સામે આવતા સ્થાનિકો તેમજ પ્રવાસીઓમાં ભયનો માહોલ સર્જાયો છે. રહેણાંક વિસ્તાર નજીક રાત્રિના સમયે શિકારની શોધમાં નીકળેલો દીપડો CCTV કેમેરામાં કેદ થયો હતો. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતા જ પ્રવાસીઓ સહીત સ્થાનિક લોકોમાં ચિંતા વ્યાપી ગઈ છે. મળતી માહિતી અનુસાર, ગિરિમથક સાપુતારાના કેટલાક રહેણાંક વિસ્તારો તેમજ હોટલોની આસપાસ દીપડો નિર્ભય રીતે ફરી રહ્યો હોવાનું સામે આવ્યું છે. છેલ્લા કેટલાક દિવસોથી દીપડાની અવરજવર વધતા સ્થાનિક લોકો રાત્રિના સમયે બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. ખાસ કરીને પ્રવાસન સ્થળ હોવાને કારણે અહીં મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવતા હોય, કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ચિંતાનો માહોલ વધુ ગાઢ બન્યો છે. દીપડાની હલચલને લઈને

...અનુસંધાન પાના 5 પર

# 65 વર્ષના વૃદ્ધે 6 વર્ષના ટેણિયાને ગુપ્તાંગ પકડાવ્યું

**ડભોલીમાં** હાથ ખેંચી પાર્કિંગમાં ભોંય તળિયે લઈ જઈ અશ્લીલ હરકતો કરનારા સામે ફરિયાદ નોંધાઈ

સુરત : ડભોલી વિસ્તારમાં છ વર્ષના માસૂમ બાળકને 65 વર્ષીય વૃદ્ધે પોતાનું ગુપ્તાંગ હાથમાં પકડાવી અશ્લીલ હરકતો કરી હોવાની ફરિયાદ સિંગણપોર પોલીસ મથકમાં નોંધાઈ છે.

વેડરોડ પર રહેતા હીરાના એક વેપારીએ નોંધાવેલી ફરિયાદ મુજબ તેમનો છ વર્ષીય પુત્ર ઘર નજીક રમતો હતો ત્યારે તા. 15-5-26ના રોજ સાંજે સાડા પાંચ વાગ્યે રમતો હતો ત્યારે સાંજે સાડા પાંચથી સાત વાગ્યાના સમયગાળામાં 65 વર્ષના એક દાદા ત્યાં આવ્યા હતા. જેણે આ બાળકને હાથ પકડી તેની સાથે લઈ જવાનો પ્રયાસ કર્યો હતો. બાળકે સાથે જવાની ના પાડી તો બળજબરીથી હાથ ખેંચી પાર્કિંગમાં ભોંયતળિયે લઈ ગયો હતો. જ્યાં એક પથ્થર પર આ વૃદ્ધ કાળુ કેવડિયા ઉર્ફે કાળુ મોણપરા (ઉ.વ.65, રહેઃ ક્લાસિક-3, ડભોલી) બેસી ગયા અને પોતાનું ગુપ્તાંગ બહાર કાઢી બાળકના હાથમાં પકડાવ્યું હતું. બાળકનું ગુપ્તાંગ પણ બહાર કઢાવ્યું હતું. આવી હરકતથી ડરી ગયેલો બાળક જેમ તેમ ત્યાંથી ભાગી ગયો હતો.

### બાળકના પરિવારજનોએ CCTV કેમેરા ચેક કર્યા

છ વર્ષીય બાળકની વાત સાંભળી મામલો ગંભીર હોવાનું સમજી ગયેલા બાળકના પિતાએ તુરંત જ સોસાયટીના સંચાલકોનો સંપર્ક કરી સીસીટીવી કેમેરા ચેક કરાવ્યા હતા. જેમાં કાળુ મોણપરા બાળકને લઈ જતો હોવાનું સ્પષ્ટ દેખાતું હતું. જેથી બાળકની વાત સાચી હોવાનું પુરવાર થયું હતું. ત્યાર બાદ પરિવારજનોએ ફરિયાદ નોંધાવવાનો નિર્ણય કર્યો હતો.

### કાળુએ કરતૂતો કર્યાનો ઇનકાર કર્યો

બાળકના પિતા અને પરિવારજનોએ આ બિલ્ડિંગના આગેવાનોને સમગ્ર ઘટનાથી વાકેફ કરી કાળુ મોણપરાને સોસાયટીમાં નીચે બોલાવ્યા હતા. જેથી સોસાયટીના આગેવાનોએ કાળુ મોણપરાને પૂછ્યું તો પોતે બાળકને ઓળખતો જ નથી અને કાંઈ બન્યું જ નથી. એવી વાત કરી હતી. જ્યારે આગેવાનોએ કહ્યું કે તમે આ બાળકને લઈને જઈ રહ્યા છો તે સીસીટીવી કેમેરામાં સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. જેથી તે ભાંગી પડ્યો હતો અને ગુનાની કબૂલાત કરી હતી.

### કાળુએ ભૂતકાળમાં પણ આવી હરકત કર્યાનો આક્ષેપ

બાળકના પિતાએ કહ્યું હતું કે અમે કાળુ મોણપરાનો ભૂતકાળ જાણવાનો પ્રયાસ કર્યો તો ભૂતકાળમાં કાળુ મોણપરાએ આવી હરકતો કરી હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસ જો ઉંડાણપૂર્વક તપાસ કરે તો અન્ય ભોગ બનનારાઓ પણ પોલીસ સમક્ષ આવે તેવી શક્યતા નકારી શકાય તેમ નથી.

# ૨૯૩૬ શાળામાં એક જ શિક્ષક

**ગુજરાતમાં** શિક્ષણ વ્યવસ્થાની દયનીય સ્થિતિનો કોંગ્રેસનો આક્ષેપ

**૬૩ શાળામાં** એકપણ વિદ્યાર્થી ન હોવા છતાં ત્યાં ૭૮ શિક્ષક ફરજ બજાવે છે

અમદાવાદ : ગુજરાત કોંગ્રેસ દ્વારા ગુજરાતની શિક્ષણ વ્યવસ્થાને લઈને ભાજપ સરકાર પર ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ મનીષ દોશીએ જણાવ્યું હતું કે કેન્દ્રિય નીતિ આયોગના "સ્કુલ એજ્યુકેશન સીસ્ટમ ઈન ઈન્ડિયાઃ ટેમ્પરલ એનાલિસિસ એન્ડ પોલીસી રોડમેપ ફોર ક્વોલિટી એન્હાસમેન્ટ" અહેવાલમાં ગુજરાતના કહેવાતા શિક્ષણ મોડલની પોલ ખોલી નાખી છે.કોંગ્રેસના આક્ષેપ મુજબ, રાજ્યમાં ૧,૦૫,૧૩૪ વિદ્યાર્થીઓ ધરાવતી કુલ ૨૯૩૬ શાળાઓ માત્ર એક શિક્ષકના ભરોસે ચાલી રહી છે. બીજી તરફ, રાજ્યની ૬૩ શાળાઓમાં એકપણ વિદ્યાર્થી ન હોવા છતાં ત્યાં ૭૮ શિક્ષકો ફરજ બજાવી રહ્યા હોવાનું પણ સામે આવ્યું છે. કોંગ્રેસે આ પરિસ્થિતિને શિક્ષણ વ્યવસ્થાના કથળતા આયોજનનું ઉદાહરણ ગણાવ્યું છે.

પ્રાથમિક શિક્ષણમાં ગુજરાતમાં સરેરાશ ૨૪ વિદ્યાર્થીઓ દીઠ એક શિક્ષક છે, જ્યારે રાષ્ટ્રીય સરેરાશ ૨૦ વિદ્યાર્થીઓ દીઠ એક શિક્ષકની છે. માધ્યમિક શિક્ષણમાં ગુજરાતમાં ૨૭ વિદ્યાર્થીઓ દીઠ એક શિક્ષક છે, જ્યારે દેશમાં આ સરેરાશ ૧૫ વિદ્યાર્થીઓ દીઠ એક શિક્ષકની હોવાનું જણાવાયું છે. કોંગ્રેસે દાવો કર્યો કે રાજ્યમાં શિક્ષકની અછતને કારણે શિક્ષણની ગુણવત્તા પર ગંભીર અસર પડી રહી છે.

ગુજરાત કોંગ્રેસના પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ જણાવ્યું કે રાજ્યમાં માધ્યમિક સ્તરે ડ્રોપઆઉટ રેટ ૧૬.૯ ટકા સુધી પહોંચી ગયો છે, જે રાષ્ટ્રીય સરેરાશ કરતાં ઘણો વધારે છે. વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન આઉટ-ઓફ-સ્કૂલ બાળકોની સંખ્યામાં ૩૪૧ ટકાનો વધારો નોંધાયો હોવાનું કોંગ્રેસે જણાવ્યું છે. આંકડા મુજબ, અગાઉના ૫૪ હજારથી વધીને હવે આશરે ૨.૪ લાખ વિદ્યાર્થીઓ શાળા બહાર છે, જેમાં મોટી સંખ્યામાં કિશોરીઓનો સમાવેશ થાય છે.કોંગ્રેસે વધુમાં આક્ષેપ કર્યો કે રાજ્યમાં ૪૨ હજાર વર્ગખંડોની અછત છે અને અનેક શાળાઓ જર્જરિત ઈમારતોમાં ચાલી રહી છે. સરકાર દ્વારા શિક્ષણ પાછળ હજારો કરોડ રૂપિયાની જોગવાઈ હોવા છતાં મૂળભૂત સુવિધાઓનો અભાવ યથાવત હોવાનું પણ કોંગ્રેસે

...અનુસંધાન પાના 5 પર

# બાઈકનું બેલેન્સ બગડતાં પટકાયેલા યુવક પર ટ્રક ફરી વળી

**મીનીબજારથી** નોકરી પૂરી કરી ઘરે પરત ફરતી વખતે ગઢપુર રોડ પર અકસ્માત નડ્યો

સુરતઃ પાસોદરામાં બાઈકનું બેલેન્સ બગડતાં સામેથી આવતા ટ્રકના પાછળના ટાયરમાં આવી જતા રત્નકલાકારનું મોત નિપજ્યું હતું. અકસ્માત બાદ ચાલક ટ્રક મુકીને ભાગી ગયો હતો.

મળતી માહિતી મુજબ, મૂળ બોટાદ જિલ્લાના ગઢડા સ્વામીના ગુંદાળા ગામના વતની મયુરભાઈ બાબુભાઈ ગાબાણી (36 વર્ષ) હાલમાં પાસોદરા વિસ્તારમાં આવેલા ગઢપુર ટાઉનશીપ ખાતે પરિવાર સાથે રહેતા હતા. તે મીનીબજાર ખાતે રત્નકલાકાર તરીકે કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. શનિવારે સાંજે મયુરભાઈ નોકરી પરથી છૂટીને બાઇક લઈને ઘરે આવી રહ્યા હતા. તે દરમિયાન ગઢપુર રોડ પર તેએ બાઈકના સ્ટિયરીંગ પરથી કાબુ ગુમાવ્યો હતો અને બાઈક પરથી નીચે પડ્યા હતા. ત્યારે સામેથી આવતા ટ્રકના પાછળના ટાયરમાં મયુરભાઈ આવી ગયા હતા. જેથી તેમણે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેઓ બેભાન થઈ ગયા હતા. બનાવને પગલે 108 એમ્બ્યુલન્સ

...અનુસંધાન પાના 5 પર


**વિશાલાડ વણિક અવસાન/શોકસભા**



સખેદ જણાવવાનું કે અમારા માતૃશ્રી
ગં.સ્વ.ઈલા સુરેન્દ્ર શાહ (કડોદ વતની)
તા.૧૭-૦૫-૨૦૨૬ ને રવિવારના રોજ શ્રીજીચરણ પામ્યા છે. પ્રભુ સદ્દગતના આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના...

સદ્ગતની અંતિમયાત્રા
સોમવાર તા.૧૮-૦૫-૨૦૨૬ના રોજ સવારે ૮.૦૦ કલાકે અમારા નિવાસેથી નીકળી કુરૂક્ષેત્ર સ્મશાનગૃહ, જહાગીરપુરા, સુરત જશે,.

સદ્ગતની શોકસભા
સોમવાર તા.૧૮-૦૫-૨૦૨૬ના રોજ સાંજે ૫.૩૦ થી ૭ કલાકે રાખેલ છે.

શોકસભા સ્થળ
જીવન વિકાસ ટ્રસ્ટ સ્કૂલ હોલ, કલાપી ગાર્ડન પાસે, ગુજરાત ગેસ કંપની પાસે, અડાજણ ગામ, સુરત


સ્વ. ઈલા સુરેન્દ્ર શાહ
સ્વ.તા.૧૭-૦૫-૨૦૨૬

લિ.શોકાતુર પરિવાર
સ્વ. સુરેન્દ્ર મોતીલાલ શાહ
કિંજલ-કૃતિ શાહ (પુત્ર-પુત્રવધુ)
વૈષ્ણવી-નિસર્ગ જોશી(પૌત્રી-જમાઈ)
હેત્વી શાહ (પૌત્રી)
સેજલ-બંકિમ મહેતા (પુત્રી-જમાઈ)
પરિતા-જન્મેશ પરિખ(દોહિત્રી-જમાઈ)
તક્ષિલ મહેતા (દોહિત્ર)
નાયરા-નિહિરા (પ્રદોહિત્રી)

નિવાસ સ્થાનઃ એ-૮૦૨, સરગમ કોમ્પલેક્ષ, ભૂલકા ભવન સ્કૂલની સામે, જલારામ ઓટોની ઉપર, અડાજણ રોડ, સુરત



**દશમી પૂણ્યતિથિએ અનંત સ્મરણ**



સ્વ. હસમુખલાલ સકરચંદ શાહ
સ્વ.તા. ૧૮-૦૫-૨૦૧૬

સતકાર્યો તમારી શોભા હતી, સજ્જનતા તમારી સુવાસ હતી.
પ્રસન્નતા તમારૂ જીવન હતું, પરોકાર તમારૂ જીવન હતું.
આપના મહાન આત્માને સહુની વેદનાસભર શ્રદ્ધાંજલી.
પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

લિ.
સ્વ. દિવ્યાબેન હસમુખલાલ શાહ
અમીષ હસમુખલાલ શાહ | વૈશાલી અમીષ શાહ
સૌરભ હસમુખલાલ શાહ | બિજલ સૌરભ શાહ
પારૂલબેન ભાવેશભાઈ શાહ | ભાવેશભાઈ મંગલદાસ શાહ
રીકેન - માન્યા - રૂશીન - અનુષ્કા
નૂપુર - મૌલિક - માસુમી - મિત - માનસ - વિયાના - ધિયાન



**શ્રધ્ધાંજલિ**



મા

સ્વ. હેમાવતી
હિરાલાલ સીંગાપુરી
સ્વ. તા. ૧૮/૦૫/૨૦૧૩

લિ.
દિનેશ હિરાલાલ સીંગાપુરી | કુમુદ દિનેશ સીંગાપુરી
અમર દિનેશ સીંગાપુરી | દિપાલી અમર સીંગાપુરી
આર્યા અમર સીંગાપુરી | દિવ્યા દિનેશ સીંગાપુરી
મીશ્કા અમર સીંગાપુરી



**અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

ફીકસ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીકસ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ 3000/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેકસ : ૨૫૯૯૯૯૦



**શ્રધ્ધાંજલિ**



બે અક્ષરનો શબ્દ છે. "માતા" પણ આપનું જીવન અમારા માટે છે. સાક્ષાત "ભાગવત ગીતા" ભક્તિ તમે કરી. પુણ્ય અમને મળ્યું સંઘર્ષ તમે કર્યા, સુખ અમને મળ્યું, સમૃદ્ધિ સુખ ને સંપત્તિ તમારા ચરણોમાં તુચ્છ છે. સગપણ બીજા મળે પણ ફરીથી માં નહી મળે. આપની વિદાયને બાર વર્ષ પૂર્ણ થયા પણ હજુ આપની યાદ ક્ષણભર પણ વિસરાતી નથી. પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સ્વ. હેમાવતી
હિરાલાલ સીંગાપુરી
સ્વ. તા. ૧૮-૦૫-૨૦૧૩

લિ.
હેમીલા પ્રકાશ ભગત
ઉષા દિનેશચંદ્ર બચકાનીવાલા | દિનેશચંદ્ર શાંતિલાલ બચકાનીવાલા
કાશ્મીરા અયન જડીયા | અયન જીતેન્દ્રકુમાર જડીયા
ઉર્વી ભાવેશ લેખડીયા | ભાવેશ વિનોદચંદ્ર લેખડીયા
ઉન્નતી વિશાલ સાવલાની | વિશાલ વાસુદેવ સાવલાની
અંજલી દિશાંત મહેદીરત્તા | દિશાંત સુનીલભાઈ મહેદીરત્તા
યથાર્થ, સમારા, ઝહાન, અબીર, અતારા, દુઆ



**પાંચમી વાર્ષિક પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલી**



સુખને છલકાવ્યું નહીં, દુઃખને દેખાડયું નહીં, જીવનભર મહેનત કરીને શૂન્યમાંથી સર્જન કર્યું, ધુપસળીની માફક જીવન જીવી સુગંધી ફેલાવી, વનપથનાં કાંટા સહન કરી કુટુંબ માટે ફુલો પાથર્યા.
આપની યાદ અને આદર્શોને સ્મારણાંજલિ સાથે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના..

સ્વ. સામુભાઈ
દુલ્લભભાઈ પટેલ
સ્વ. તા. ૧૮/૦૫/૨૦૨૧

લિ.
સ્વ. લક્ષ્મીબેન સામુભાઈ પટેલ
ગં.સ્વ. રેખાબેન સામુભાઈ પટેલ
સ્વ. મુકેશભાઈ સામુભાઈ પટેલ | સ્વ. જીવણભાઈ દુલ્લભભાઈ પટેલ
પંકજભાઈ સામુભાઈ પટેલ | સ્વ. કમલેશભાઈ જીવણભાઈ પટેલ
(હર્ષ, કેલ્વી, કિયારા) | કલ્પેશભાઈ જીવણભાઈ પટેલ
(હર્ષિતા, વત્સલ, આકાંક્ષા, વેદાંસી)

ગામ : ભીમરાડ, પટેલ મહોલ્લો, તા. ચોર્યાસી(સીટી), સુરત.



**કૈવલધામવાસી**

**૧૩મી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



સત્કૈવલ સાહેબ
પોતે સાદગી ભર્યુ જીવન જીવી પરીવારને સમૃધ્ધ બનાવી અહીંથી ચાલ્યા ગયા. પરંતુ આટલા વર્ષો પછી પણ તમારી હાજરીની અમોને અનુભૂતિ થાય છે. પરંતુ પ્રભુ ને ગમ્યું તે ખરું. અંતે તો પરીવારજનોની એજ પ્રાર્થના કે હે પરમ કૃપાળુ ભગવાન કરુણા સાગર તથા મહાન તપસ્વી રઘુરામજી મહારાજ તમારા ચરણ - શરણ માં આવેલા અંશ-આત્માને ચિર શાંતિ આપશો.

સ્વ. વીરજીભાઈ
દાજીભાઈ ઉમરીગર
સ્વ.તા. ૧૮.૦૫.૨૦૧૩ (ઉમરા)

લિ
ગં.સ્વ. શાંતિબેન ઉમરીગર (ધર્મપત્નિ)
રાજેશ વી. ઉમરીગર (પુત્ર) | સુમિત્રા રાજેશભાઈ ઉમરીગર (પુત્રી)
હિતેન્દ્ર વી. ઉમરીગર (પુત્ર) | ભાવના જીતેન્દ્રભાઈ ઉમરીગર (પુત્રી)
ફાલ્ગુની એચ. ઉમરીગર (પુત્રવધુ) | તથા સહ પરિવાર, ઉમરા